| | | | |
|---|---|---|---|
| | सत्यमेव जयते | કેસ દાખલ થયાની તા. | ૦૩/૦૩/૨૦૧૭ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૩/૦૩/૨૦૧૭ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૦૧/૦૪/૨૦૨૬ |
| | | સમયગાળો: વર્ષ–૦૯ , મહિનો–૦૦ ,દિવસ–૧૫ | |

---

**<u>મેઘરજના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**

**<u>મુ.મેઘરજ</u>**

---

**<u>ફોજદારી કેસ નંબર : ૧૦૬/૨૦૧૭</u>**

**<u>આંક :</u>**

---

**ફરીયાદી :** **શ્રી સરકાર**
ઈસરી પો.સ્ટે.ગુ.ર.નં.૩૦૯૪/૧૪

**• વિરૂધ્ધ •**

**આરોપીઓ :** (૧)શંકરભાઈ મરતાભાઈ ડેડુણ
(૨)ગોવિંદભાઈ મરતાભાઈ ડેડુણ
(૩)કાઉડાભાઈ ખાત્રાભાઈ ડેડુણ
(૪)બચુભાઈ કાઉડાભાઈ ડેડુણ
તમામ રહે.મોટી પંડુલી,તા.મેઘરજ,જી.અરવલ્લી

---

**ગુનો:** **ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિધ્વાન વકીલ શ્રી જે.ડી.નીનામા

---

**० હુકમ ०**

(૧) આ કામના આરોપી સામે ઈસરી પો.સ્ટે.ગુ.ર.નં.૩૦૯૪/૧૪ તા. ૦૩/૦૩/૨૦૧૭ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬૦ ની કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબનાં ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) **ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–**

સદર કામે કોલમ નં ૧ માં જણાવેલ આરોપીઓએ તા.૨૨/૧૧/૨૦૧૪ ના કલાક.૨૦/૦૦ વાગે મોજે મોટી પડુલી ગામે કામના ફરીયાદીના કાકા કાઉડાભાઈ વકસીભાઈ ડેડુણનાઓ સાથે આ કામના આરોપીઓએ અગાઉ તકરાર કરેલ જેમા આ કામના ફરીયાદી વચ્ચે પડેલા જેની અદાવત રાખી આરોપીઓએ મા–બેન સામી નઠારી ગાળો બોલી ગળદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨),૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરતા, તે અંગેની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) **કોર્ટ કાર્યવાહી :–**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામા આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ ને સમન્સ બજતા તેઓ હાજર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ પ્ર માણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ.

ત્યારબાદ આંક – ૦૭ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીને આંક – ૦૮ થી ૧૩ લગત પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી શંકરભાઈ ભેમાભાઈ ડેડુણની જુબાની | ૪૩ |
| ૦૨ | ફરિયાદ | ૪૪ |
| ૦૩ | પંચનામાની ખરી નકલ | ૪૫ |
| ૦૪ | કલોજીંગ પુરશીશ | ૪૬ |

(૫) ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય . આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

( ૬ ) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે, તા.૨૨/૧૧/૨૦૧૪ ના કલાક.૨૦/૦૦ વાગે મોજે મોટી પડુલી ગામે કામના ફરીયાદીના કાકા કાઉડાભાઈ વકસીભાઈ ડેડુણનાઓ સાથે આ કામના આરોપીઓએ અગાઉ તકરાર કરેલ જેમા આ કામના | નકારમાં |

| | | |
|---|---|---|
| | ફરીયાદી વચ્ચે પડેલા જેની અદાવત રાખી આરોપીઓએ મા–બેન સામી નઠારી ગાળો બોલી ગળદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબનો શીક્ષાનો પાત્ર ગુન્હો કરેલ છે **?** | |
| **૨.** | શું હુકમ **?** | આખરી હુકમ મુજબ |

**<u>૦ મુદ્દા નં.૧ ના નિર્ણયના કારણો ૦</u>**

**(૭) –:: પુરાવાનુ મુલ્યાંકન ::–**

**<u>મુદાની ચર્ચા :–</u>**

અદાલતે ફોજદારી કેસના ન્યાય–નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં  અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી  તપાસી શકે છે. અથવા  ફરિયાદપક્ષે  રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સં જોગો આધારે પોતાનો  બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલ ે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **"Inter foretarn at concordared**

**lages legibus Est. optimus Inter foretandimous''** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

## (૮ ) <u>ફરિયાદી તથા સાહેદો નો પુરાવો :–</u>

ત્યારબાદ ફરિયાદપક્ષે **<u>આંક–૪૩</u>** થી ફરિયાદી શંકરભાઈ ભેમાભાઈ ડેડુણ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, બનાવ આજથી આશરે બાર વર્ષ અગાઉ મારા ઘર પાસ ેબનેલો. બનાવના દીવસે મારી આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલુ નહીં. આ સામાન્ય બોલાચાલી બાબતે અમોએ આવેશમાં આવીને ઈસરી પોલીસ મથકે આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે ખરી નકલને આંકે પાડવા સામે બચાવ પક્ષને વાંધો ન હોઈ જે ફરીયાદ રજુ દાખલ **આંક . ૪૪** આપવામાં આવે છે. આરોપીઓને હુ ઓળખુ છુ જે પૈકી આરોપી નં. ૨ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. આરોપી નં.૧ જેલમાં છે. આરોપી નં .૩, ૪ આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી.

સદર ફરીયાદી તેમની ફરીયાદની હકીકતને સર્મથન કરતા ના હોય ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદ બચાવપક્ષે આરોપી નં ૧ તથા ૨ તરફેની

ઉલટતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. બનાવ સમયે આરોપીઓએ મને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. આરોપીઓએ બનાવ સમયે મને કોઈ ગાળો બોલેલી નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. બનાવ સમયે ઘણા લોકો ભેગા થયેલા હોઈ કોણ શું બોલતુ હતુ અને કોના હાથમાં શુ હતુ તેની મને ખબર નથી. સામાન્ય બોલાચાલી થતાં ગેરસમજ થતા મે ફરીયાદ આપેલી. આરોપી નં.૩, ૪ તર્ફે આરોપીઓ કે વકીલશ્રી હાજર નથી તેઓનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૯) આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદ પક્ષે મહત્વના કહી શકાય એવા ફરિયાદી આંક-૪૩ તેમનો સોગંદ ઉપરનો પુરાવો રજુ થયેલ છે તેઓ આંક-૪૪ વાળી ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. ફરિયાદીના પુરાવાથી આ કામના આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે બીભત્સ ગોળો આપેલ હોય કે માર મારેલ હોય તેવુ ફલિત થતુ નથી. બનાવ સમયે આરોપી પાસે કોઇ હથીયાર જોયેલ નથી કે હથીયાર વડે માર મારેલ હોય તેવુ ફલિત થતુ નથી. આમ, આંક-૪૩ વાળા ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર મદદરૂપ થતો નથી. આરોપીઓ વિરૂધ્ધ આરોપના તત્વો સાબિત થતા નથી તેમજ આંક-૪૬ થી ફરિયાદપક્ષ તરફથી કલોઝીંગ પુરશીશ રજુ કરી બીજા કોઇ સાક્ષી તપાસવા માગતા નથી તેવુ જાહેર કરેલ છે. તેથી અન્ય કોઇ સાહેદોને તપાસેલ નથી. આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો બનાવ છે તે સામાન્ય બોલાચાલીનો છે. બનાવમાં આરોપીઓએ માર મારેલ હોય, ગંદી ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવો લેશમાત્ર

પુરાવો આ સાહેદના સોગંદ પરના પુરાવાથી રેકર્ડ પર જણાઈ આવતો ન હોય તે સંજોગોમાં આરોપીઓને દોષિત માની શકાય તેમ નથી. ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી, કહેવાતો બનાવ આરોપીઓ ધ્વારા બનેલ હોય તેવો કોઇ જ પુરાવો રેકર્ડ પર આવતો ન હોવાથી આરોપીઓ વિરૂધ્ધ આરોપ મુજબના તત્વો સાબિત થતા નથી, આમ, ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ કોઇ પુરાવા રજુ કરી શકેલ ન હોય, આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપ યુકત આરોપો સાબિત થતા નથી, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપયુકત શંકાથી પર આરોપી પુરવાર કરી શકેલ નથી તેમજ કોઇ હથીયાર વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં, સદર કામે બચાવપક્ષની સંમતીથી દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. તે જેમના તેમ વંચાણે લેવામાં આવે તો પણ ફ્રીયાદીની જુબાની સાથે મેળ ખાતા ન હોય, તે દસ્તાવેજી પુરાવાઓ પુરવાર થતા નથી. આમ ફરિયાદીની જુબાની જોતાં આરોપીઓ વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે જુબાની આપેલી નથી, તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદ્દા નં.૧ ની હકીકત ફરિયાદપક્ષ સાબીત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ હોય, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ **એ.આઈ.આર. ૨૦૦૮ (સુ.કો.) પાન નં. ૧૯૬૯** માં ઠરાવ્યા મુજબ કેસના સંજોગો જોતા જયારે ફરિયાદી પોતે જ જયારે પોતાના કેસને બીલકુલ સમર્થન આપતા ન હોય ત્યારે ફરિયાદપક્ષ તરફે બીજા અન્ય સાહેદોને તપાસવાથી કે સાંયોગિક પુરાવો એકત્ર કરવાથી કેસમાં કોઈ પરિણામ આવી શકે તેવા સં જોગો જણાતા નથી, તેથી આવા કેસોમાં બચેલો સમય અન્ય સારા અને તકરારી કેસોને ફાળવવો જોઈએ, અત્રેના કેસમાં પણ પક્ષકારો વચ્ચે જે તકરારો હતી તે પૂર્ણ થઈ ગયેલ છે, તેવા સંજોગોમાં આ કેસને વધુ લાંબા સમય સુધી પડતર રાખવાનુ યોગ્ય જણાતુ નથી. આમ

ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**૦ <u>આખરી હુકમ</u> ૦**

(૧) આ કામે ઈસરી પો.સ્ટે.ગુ.ર.નં.૩૦૯૪/૧૪ ના કામે (૧)શંકરભાઈ મરતાભાઈ ડેડુણ (૨)ગોવિંદભાઈ મરતાભાઈ ડેડુણ (૩)કાઉડાભાઈ ખાત્રાભાઈ ડેડુણ (૪)બચુભાઈ કાઉડાભાઈ ડેડુણ તમામ રહે.મોટી પંડુલી,તા.મેઘરજ,જી.અરવલ્લી.નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્ર ોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ આખરી હુકમ આજરોજ મેઘરજમાં તા. ૦૧લી , માહે–એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૦૧ / ૦૪ /૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮ )** |